પતિ-પત્નીનાં સહજીવનની સફળતાનો મુખ્ય આધાર 'આર્ટ ઓફ એડજસ્ટમેન્ટ' છે
- ફ્રાઇર વાલેસ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૬ | ૫ ઓગષ્ટ, ૨૦૧૩, સોમવાર; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

વરસાદી માહોલને પગલે રોગચાળાનો ભય

શહેરમાં મેલેરિયા-વાઈરલ ઉપરાંત કમળાના પણ છુટા છવાયા કેસો મળી રહ્યા છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સતત વરસાદી માહોલને કારણે રોગચાળાનો ભય ઉભો થયો છે. હાલ વાઈરલ, મેલેરિયા તેમજ કમળાના રોગે દેખા દીધી છે તો ડેન્ગ્યુના પણ છુટા છવાયા કેસો નોંધાઈ રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં દહેગામ ખાતે કોલેરાના કેસો મળ્યા બાદ ખોરજ અને ગાંધીનગર શહેરમાંથી પણ છુટાછવાયા કોલેરાના કેસો મળ્યા બાદ તંત્રએ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તમામ તબીબી અધિકારીઓને તાકીદ કરી છે.

જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી જે રીતે વાઈરલમના કેસો તેમજ કમળાના કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની પરેશાનીમાં વધારો થયો છે. તંત્રએ ગ્રામ્ય વિસ્તાર સહિત શહેરી વિસ્તારોમાં પાણીના ક્લોરીનેશન પર ધ્યાન આપવા સૌને આગ્રહ કર્યો છે.

શહેરના નવા સેક્ટરોમાંથી કમળાના છુટા છવાયા કેસો મળી રહ્યા છે. આ ઉપરાંત ચોમાસાને કારણે નવા સેક્ટરોમાં પાણી ભરાઈ રહેવાની ફરિયાદો પણ વ્યાપક પ્રમાણમાં ઉઠવા પામી છે.

શહેરમાં મેલેરિયા માટે પણ તંત્રએ બે ભાગમાં વહેંચી સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી હોવા છતાં સે. ૯, સે. ૮, સે. ૭, સે. ૧૭, સે. ૧૬, સે. ૨૨ માંથી તેમજ સે. ૨૪માંથી મચ્છરોના બ્રીડીંગ મળી રહ્યા છે. હાલ જે રીતે ભેજનું પ્રમાણ વાતાવરણમાં છે તે મચ્છર ઉત્પત્તિ માટે સૌથી સાનુકૂળ વાતાવરણ ગણાય છે. જો કે તંત્રએ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી છે. આ ઉપરાંત બિલ્ડરો દ્વારા જે કન્સ્ટ્રકશન સાઈટો પર પણ એન્ટી લારવેલની કામગીરી માટે તાકીદ કરવામાં આવી છે.

કપાસના ઉત્પાદન પર પણ સતત વરસાદની વિપરીત અસરનો ભય

કપાસના પાકમાં જીવાતો તેમજ કહોવાટનો રોગ દેખા દઈ રહ્યો છે : ઉત્પાદન પર કેટલી અસર થશે તે વાતાવરણમાં ઉઘાડ નીકળ્યા પછી અંદાજ આવી શકશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં સતત વરસાદી માહોલ અને ભેજના વાતાવરણને કારણે કપાસ ઉત્પાદનમાં વિપરીત અસરો પડવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.

જિલ્લામાં ૨૦ દિવસથી પણ વધુ સમયથી છવાયેલા વરસાદી માહોલને કારણે કપાસના પાકમાં રોગચાળો તેમજ કહોવાટની સ્થિતિ ઉભી થયાના અહેવાલો વચ્ચે ઉત્પાદન પર વિપરીત અસરો થવાનો ભય ઉભો થયો છે.

આજે વરસાદે વિરામ લેતાં ખેડૂતોએ ખેતરોમાં નિંદામણની કામગીરી આરંભી છે. જો કે વરસાદ અટકે અને ૧૦ દિવસ સુધી કોરૂ રાખે તો આખુ ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યુ છે. વાતાવરણમાં સતત ભેજને કારણે કપાસમાં જીવાતો પણ ઉત્પન્ન

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

થવા પામી છે. જો કે જિલ્લાતંત્ર આ મુદ્દે હાલ કંઈ પણ કહેવાની ઉતાવળમાં નથી.

કોરૂ નીકળે અને ઉઘાડ થાય તો ફેર રોપણીના પાકોનું વાવેતર તેમજ નિંદામણની કામગીરી ખેડૂતો કરે પછી જ પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે તેમ છે. જો કે નિચાણ ધરાવતા ખેતરોમાં પાણી ભરાઈ જતાં કેટલાક વિસ્તારોમાં કપાસના પાકોમાં કહોવાટ થતો હોવાનું પણ જણાયું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૫૦ ટકાથી વધુ વિસ્તારમાં વાવેતર સંપન્ન થયેલુ છે. ફેર રોપણીના પાકોનું વાવેતર હવે થશે. જિલ્લામાં સીઝનનો ૭૬ ટકા વરસાદ નોંધાઈ ચુક્યો છે.

જમીનમાં ભેજનું તત્વ સારૂ એવું હોવાથી ઉત્પાદન રવિપાકનું સારૂ થશે તેમજ હાલ ખરીફ પાકમાં પણ ઉગાવો સારો થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં માણસા અને ગાંધીનગરના કપાસ ઉત્પાદનમાં થોડોક થોડોક રોગચાળો દેખાઈ રહ્યો છે. જો કે તેની ઉત્પાદન પર કેટલી અસરો થશે તે આગામી દિવસોમાં વાતાવરણ સ્પષ્ટ થયા બાદ જ ખબર પડી શકે.

મેઘરાજાના રૌદ્ર સ્વરૂપના પગલે ગાંધીનગરના માર્ગો દયામણા બની ગયા છે... ખાસ કરીને 'ક' માર્ગ પર વરસાદની ઘેરી અસર વર્તાય છે. રોડની વચ્ચોવચ્ચ મોટામસ ખાડા પડ્યા છે... રોડ વ્યાપક પ્રમાણમાં તૂટી ગયો છે... નાના-મોટા ખાબોચિયા ભરાયા છે અને ગંદકીનો સામ્રાજ્ય સર્જાયું છે... વાહન ચાલકો ભારે હાલાકીમાં મૂકાતા જાય છે. તંત્રવાહકો ઝડપથી માર્ગ દૂરસ્તીની કામગીરી આરંભે એવી લાગણી સાર્વત્રિક છે....

મેટ્રોરેલમાં મુસાફરી માટે ચાર વર્ષ રાહ જોવી પડશે

કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો ઓક્ટોબરથી શરૂ થશે : બીજો તબક્કો ૨૦૨૧માં પૂર્ણ થશે

(ગૌતમ પુરોહિત)

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર અને અમદાવાદને જાહેર પરિવહન નેટવર્કથી જોડતા મેટ્રોરેલ ગેજેક્ટનો -થમ તબક્કો ૨૦૧૭ એટલે કે વિધાનસભાની આગામી ચૂંટણી દરમ્યાન પૂર્ણ થવાની સંભાવના છે. એટલે કે આ ગેજેક્ટ માટે અમદાવાદ અને ગાંધીનગરના મુસાફરોએ હજી ચાર વર્ષની રાહ જોવી પડે તેમ છે. જો કે બીજો તબક્કો ૨૦૨૧માં પૂર્ણ થાય છે.

સૂચિત મેટ્રોરેલના નેટવર્કમાં ૬૩.૭૧ કિલોમીટર એલિવેટેડ (૪૨ સ્ટેશન) અને ૧૮.૩૨ કિલોમીટર અંડરગ્રાઉન્ડ (૧૧ સ્ટેશન) હશે જે પ૩ મેટ્રો સ્ટેશનને સાંકળી લેશે. એલિવેટેડ કામગીરી પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે જ્યારે અંડરગ્રાઉન્ડ ફેઝની ડિઝાઈન અને પ્લાનિંગ ઓગષ્ટ-૨૦૧૩માં શરૂ કરવામાં આવશે. MEGA કંપનીના ચેરમેન સંજય ગુજ્રાએ કહ્યું છે કે મેટ્રોરેલને ફાસ્ટટ્રેક ઉપર મૂકવામાં આવ્યો છે. આ ટ્રેક ઉપર છેલ્લા એક વર્ષથી ડિઝાઈન અને ટેકનિકલ કામો ચાલુ છે અને હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો ઓક્ટોબરથી શરૂ કરવામાં આવશે.

પ્ઝ્ઝ ના ટેલીકોમ્યુનિકેશન હેડ અતુલ કામદારના જણાવ્યા -માણે મેટ્રો રેલના -થમ તબક્કાનું કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્ક ઓક્ટોબરમાં શરૂ થશે. આ ગેજેક્ટમાં ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ કરોડરજ્જુ સમાન છે. મેટ્રો નેટવર્કની ઓપરેશનલ તથા વહીવટીય જરૂરિયાતો પૂરી કરવા માટે ટેલિકોમ્યુનિકેશન સેવાઓ આપશે.

મેટ્રો રેલ ગેજેક્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે યોજના માટે અંદાજીત ૯૮.૬ હેક્ટર જમીનની આવશ્યકતા રહેશે, જે તમામ જમીન સરકારી અને મ્યુનિસિપલ

● અનુસંધાન પાન-૭ પર

પહેલો તબક્કો - એલિવેટેડ રૂટ

ડિઝાઈન પૂર્ણ -	ડિસેમ્બર ૨૦૧૩
ઈઓઆઈ-આરએફપી -	જાન્યુઆરી ૨૦૧૪
સિવિલ વર્ક -	ઓક્ટોબર ૨૦૧૩
સ્ટેશન-ડેપો પૂર્ણ -	જાન્યુઆરી ૨૦૧૪
સિસ્ટમ વર્ક્સ ઈન્સ્ટોલેશન પૂર્ણ -	ઓક્ટોબર ૨૦૧૬
ઈન્ટીગ્રેટેડ ટેસ્ટીગ અને કમિશનીગ પૂર્ણ	ઓગષ્ટ ૨૦૧૭
કોમર્શિયલ ઓપરેશન શરૂ -	૩૧-ઓગષ્ટ ૨૦૧૭

બીજો તબક્કો - અંડરગ્રાઉન્ડ રૂટ

ડિઝાઈન,પ્લાનિંગ રિસર્ચ પૂર્ણ -	ડિસેમ્બર ૨૦૧૬
ઈઓઆઈ, આરએફપી -	એપ્રિલ ૨૦૧૮
કોમર્શિયલ ઓપરેશન શરૂ -	૩૧-માર્ચ ૨૦૨૧

મીનરલ વોટર પ્લાન્ટ
ઉજ્જવળ ભવિષ્ય • મહત્તમ વળતર
મેળવી આપતો વ્યવસાય
8511010101
D-11, Diamond Park, G.I.D.C, Naroda, Ahmedabad.
Ph: 22819065 / 22815181
INDIAN ION EXCHANGE & CHEMICALS LIMITED
INDIAN ION EXCHANGE.COM

Dy.S.P./ DC / SO / TDO / મામલતદારની નોકરી મેળવો!
GPSC વર્ગ 1/2 અંદાજીત જગ્યાઓ 1350+
લાયકાત : ગ્રેજ્યુએટ ઉંમર : (20 થી 35) વર્ષ સંભવિત
જાહેરાત સંભવિત ઓગસ્ટ-2013
ઈકોનોમિક બેચ-2014 — ફક્ત પ્રિલિમ પરીક્ષા માટે જ —
100% ગેરંટી પૂર્વકનું શિક્ષણ
ગાંધીનગર શાખા માટે | મહેસાણા શાખા માટે
25.8.2013 6-00 થી 8-30 શનિ / રવિ | 25.08.2013 6-00 થી 7-30 શનિ થી મંગળ
08.8.2013 8-15 થી 9-45 સોમ થી ગુરુ | 09.08.2013 7-00 થી 8-30 શનિ થી મંગળ
5 માસનો અભ્યાસક્રમ ફી માત્ર ₹ 16,000/-(F) ₹ 18,000/-(M)
PSI 500 જગ્યાઓ • ગુજરાતી • અંગ્રેજી • LAW • GS • જુદી જુદી વસ્તુઓ ફોટો • સહિત ઓબ્જેક્ટિવ 4 માસનો કોર્સ ફી માત્ર ₹ 18,000/-
ઈકોનોમિક બેચ-2013 ગાંધીનગર મહેસાણા
ગુજ.સરકારમાં 13000+ થી વધુ (વર્ગ-3) કક્ષાની જગ્યાઓ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે...!
માસ્ટર કોર્ષ-2014 ₹ 11,000/-(F) ₹ 14,000/-(M) ગાંધીનગર મહેસાણા 4 માસનો અભ્યાસક્રમ
કોન્સ્ટેબલ 4500 જગ્યાઓ ફી માત્ર ₹ 11,000/- 3 માસનો કોર્સ
ઈકોનોમિક બેચ-2013 ગાંધીનગર મહેસાણા
તમામ કોર્સમાં સંપૂર્ણ સાહિત્ય FREE
હોસ્ટેલ ફેસીલીટી ઉપલબ્ધ છે
તા. 10/8/2013 થી નવી ફી ચાલુ પડશે.
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર-9537614606, 9537546886
મહેસાણા - 9537614607

હસ્ત શિલ્પ મેલા
પ્રદર્શન અને વેચાણ ૨૦૧૩
આજે છેલ્લો દિવસ
એન્ટીક રોડ, આયરન ફર્નીચર અને કોકરી પોર્ટ
ઘ-૫ કોર્નર, ઓપન એર થિયેટરની બાજુમાં સેક્ટર-૧૬, ગાંધીનગર

પેટ્રોલ પંપ માટે સ્ટાફ જોઇએ છે
(૧) પેટ્રોલ - ડીઝલ તથા સી.એન.જી. ગેસ પૂરવા માટે માણસો
મળો : બપોરે ૧૧.૦૦ થી ૧.૦૦
સાંજે : ૫.૦૦ થી ૭.૦૦
HP વિજય ઓટો મોબાઈલ
પ્લોટ નં. ૧૨, ચ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧